ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪,
તેમાં સુધારો કરવા બાબત...

ગુ જ રા ત સ ર કા ર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૦૩/૪૨૫૬/ગ,
સચિવાલય, ગાંધીનગર.

તા.૪/૧૦/૨૦૦૪.

વંચાણમાં લીધા:-

(૧) શિક્ષણ વિભાગની તા.૩૦/૭/૯૬નો ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૯૬/૪૯૨/ગ.
(૨) ગુજરાત માધ્ય.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા.૧૬/૯/૦૩ના પત્રાંક: મઉમશબ/ગ/ટે ૬/૧૩૨૬૩.

ઠ રા વ:-

ઉપર આમુખ(૧)માં જણાવેલાં આ વિભાગના તા.૩૦/૭/૯૬ના ઠરાવથી બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સુપરવાઇઝરની જગ્યા માટેના નોર્મ્સ બાબતમાં કરેલ જોગવાઇને અનુરૂપ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪માં તે મુજબ સુધારો કરવાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના ઉપર આમુખ ક્રમાંક(૨)માં જણાવેલા તા.૧૬/૯/૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ ના વિનિયમ ક્રમાંક ૧૯(૫), ૧૯(૫)(૧), ૧૯(૫)(૨) અને ૧૯(૫)(૩) આ સાથે જોડેલ પત્રકના કોલમ (૩)માં હાલની જોગવાઇ સામે કોલમ (૪)માં નિર્દિષ્ઠ કરેલ જોગવાઇ મુજબ સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-
(મનહર આર.ચૌધરી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

ક્રમાંક:મઉમશબ/ગ/ટે ૬/૧૬૬૩૬/૭૨૫
ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર. તા.૧૨/૧૦/૨૦૦૪.

નકલ રવાના:
[illegible]

| ક્રમ (૧) | વિનિયમ ક્રમાંક (૨) | વિનિયમની હાલની જોગવાઈઓ (૩) | સુધારેલ જોગવાઈઓ (૪) |
|---|---|---|---|
| ૧ | ૧૯(૫) | દશ કરતાં વધારે વર્ગોવાળી રજીસ્ટર થયેલી શાળાના સંચાલકો, અધિકારીની મંજુરીથી ઉપરીના હાથ નીચે સુપરવાઈઝરો નીમી શકશે. | આઠ કરતાં વધારે વર્ગોવાળી રજીસ્ટર થયેલી શાળાના સંચાલકો, અધિકારીની મંજુરીથી ઉપરીના હાથ નીચે સુપરવાઈઝરો નીમી શકશે. |
| ૨ | ૧૯(૫)(૧) | ૧૦ અથવા ૧૦ કરતા ઓછા વર્ગોવાળી શાળામાં સુપરવાઈઝરની જરુર નથી. | ૮(આઠ) અથવા ૮(આઠ) કરતાં ઓછા વર્ગોવાળી શાળામાં સુપરવાઈઝરની જરુર નથી. |
| | ૧૯(૫)(૨) | ૧૧ થી ૨૦ વર્ગ સુધી એક સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે | ૯(નવ) થી ૧૬(સોળ) વર્ગ સુધી એક સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે. |
| | ૧૯(૫)(૩) | ૨૧ થી વધુ વર્ગો માટે બીજા સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે કોઈ પણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે નહી. | ૧૭(સત્તર) અથવા તેથી વધુ વર્ગો માટે બીજા સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે કોઈ પણ સંજોગોમાં શાળામાં બે થી વધુ સુપરવાઈઝરની જગા મળવાપાત્ર થશે નહી. |